ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com


સાંધ્ય દૈનિક

**Year : 15, Issue : 250, Dt.8-1-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI**

# માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને મળશે રૂા.૧.૫૦ લાખની કેશલેસ સારવાર

## કેન્દ્રીય વાહન વ્યવહાર મંત્રી નિતીન ગડકરીની જાહેરાત : હીટ એન્ડ રનમાં મૃતકના કુટુંબીજનને રૂા.૨ લાખની તત્કાળ સહાય : દેશમાં ૨૦૨૪માં માર્ગ અકસ્માતથી ૧.૮૦ લાખ મૃત્યુ : ૩૫૦૦૦ પાસે ડ્રાઈવીંગ લાયસન્સ જ ન હતું

**મુખ્ય સમાચાર - નવી દિલ્હીઃ**





દેશમાં માર્ગ અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે અને ખાસ કરીને અકસ્માત બાદ ઝડપી યોગ્ય સારવાર નહી મળતા વધુ ઈજાગ્રસ્તો મૃત્યુ પામે છે અને સરકાર માર્ગની હાલતો સુધારવા અને જે રીતે અકસ્માત થાય છે તે પેટર્ન જાણીને તેની સંખ્યા ઘટે તે માટે પ્રયાસ થઈ રહ્યા છે પણ હવે કેન્દ્ર સરકાર એ માર્ગ અકસ્માતમાં ઘાયલને ઝડપી અને કોઈ ખર્ચની ચિંતા વગર સારવાર મળી રહે તે નિશ્ચિત કરવા પ્રયાસ કર્યા છે. કેન્દ્રીય વાહન વ્યવહાર મંત્રી નિતીન ગડકરીએ ગઈકાલે આ અંગે માહિતી આપતા કહ્યું કે કોઈપણ માર્ગ પર વાહનના કારણે જે અકસ્માત થાય તો દુર્ઘટનામાં ઘાયલ વ્યક્તિને રૂા.૧.૫૦ લાખ સુધીની સારવાર કેશલેસ મળશે એટલે કે જે તે વ્યક્તિએ નાણા ચૂકવવાની જરૂર રહેશે નહી. આ ઉપરાંત હીટ એન્ડ રન કેસમાં મૃત્યુ પામનાર વ્યક્તિના કુટુંબના સૌથી નજીકના વ્યક્તિને રૂા.૨ લાખની સહાય સરકાર કરશે. આ યોજના તબકકાવાર પુરા દેશમાં લાગુ થશે અને તેની જવાબદારી નેશનલ હેલ્થ ઓથોરિટીને આપવામાં આવી છે. સંસદના બજેટ સત્રમાં આ એક વાહન વ્યવહાર અંગેના કાનૂનમાં સુધારા કરાશે અને તા.૧૪ માર્ચ ૨૦૨૪ના જે યોજના શરૂ કરી હતી તે મુજબ છ રાજયોમાં તે લાગુ થઈ છે. માર્ચ ૨૦૨૫થી તે પુરા દેશમાં લાગુ થશે. તેઓએ કહ્યું કે, ૪૨મી ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ પરિષદમાં માર્ગ સુરક્ષાને પ્રાથમીકતા આપવા માટે વ્યાપક વિચારણા થઈ હતી જેમાં નિર્ણય થવા મુજબ ઓટો કંપનીઓ જે બસ-ટ્રક સહિતના ભારે વાહનો બનાવે છે તેવા સુરક્ષાના ત્રણ માપદંડ નિશ્ચિત કરવા જરૂરી બનશે. જેમાં ઈલેકટ્રોનિક સ્ટેબીલીટી કંટ્રોલ અને ઓટોમેટીક ઈમરજન્સી બ્રેક સિસ્ટમ જે બે વાહનોની ટકકરને રોકી શકે છે તો ઈલેકટ્રોનીક ડ્રાઉમીનેસ સિસ્ટમ ડ્રાઈવરને ઝોકુ આવે કે તે બેધ્યાન થઈ જાય તો તુર્તજ ઓડિયો મેસેજથી એલર્ટ કરશે. આ ઉપરાંત ડ્રાઈવીંગ ટ્રેનીંગ સેન્ટર પોલીસી પણ આવશે. ૨૦૨૪માં ભારતમાં માર્ગ અકસ્માતમાં ૧.૮૦ લાખ લોકોના મૃત્યુ થયા હતા જેમાં ૩૫૦૦૦ પાસે ડ્રાઈવીંગ લાયસન્સ જ ન હતું તેની હવે ડ્રાઈવીંગ શિક્ષણ પર પણ ભાર મુકાશે અને તેઓ ડ્રાઈવીંગ પોલીસી આવશે. દેશભરમાં આ પ્રકારે ૧૫૦૦ ડ્રાઈવીંગ સેન્ટર અને ફીટનેસ સેન્ટર ખુલશે અને તે માટે રૂા.૪૫૦૦ કરોડના રોકાણની તૈયારી છે અને ૨૫ લાખ તાલીમબદ્ધ ડ્રાઈવરો તૈયાર કરાશે. જેનાથી રોજગારી વધશે. ભારતમાં ૨૨ લાખ ડ્રાઈવરોની તંગી છે તેથી આ યોજનાને સમસ્યા હલ કરવામાં પણ મદદ કરશે અને ૧૫ લાખ લોકોને રોજગારી મળશે. દરેક જીલ્લામાં આ પ્રકારે ઓટોમેટનું સેન્ટર બનશે. આ ઉપરાંત હવે વિમાની પાઈલોટની જેમ ડ્રાઈવર માટે પણ એક ધારા કામના કલાકો નિશ્ચિત થશે. કોઈપણ ડ્રાઈવરને ૮ કલાકથી વધુ એક જ સાથે ડ્રાઈવીંગ કરી શકાશે નહી અને રેસ્ટ નિશ્ચિત કરવો પડશે અને તે નિશ્ચિત કરવા માટે ડ્રાઈવરના એક ખાસ કાર્ડ અપાશે જે તેના આધાર સાથે જોડાશે. આ કાર્ડ સ્વેપ કરે તો જ વાહન સ્ટાર્ટ થશે અને આઠ કલાક પછી તે બીજા ડ્રાઈવરના કાર્ડને સ્વીકારશે.

## એક પખવાડીયામાં ઘઉંના ભાવમાં ૮ ટકાની તેજી

### જથ્થાબંધ ભાવ કિલોનાં રૂા.૩૩ : આટા - મેંદો - સોજીમાં પણ ભાવવધારો

**મુખ્ય સમાચાર - અમદાવાદ**



મોંઘવારીને કાબુમાં લેવા માટે સરકાર ઉંધા માથે હોવા છતા એક પછી એક ચીજો મોંઘી થઈ રહી છે. છેલ્લા એક પખવાડીયામાં ઘઉંના ભાવમાં ૮ ટકાની તેજી થઈ છે. ગ્રાહક ભાવાંકમાં સૌથી વધુ વેઈટેજ ધરાવતા ઘઉંના ભાવ વધારાથી ફૂગાવા મોરચે નવો પડકાર ઉભો થઈ શકે છે. વેપારીઓના કહેવા પ્રમાણે ઘઉંનો જથ્થાબંધ ભાવ કિલોદીઠ રૂા.૩૨ થી ૩૩ થઈ ગયો છે. બે વર્ષ બાદ આટલા ઉંચા ભાવ જોવા મળ્યા છે. ઘઉંની તેજીને રોકવા તથા ભાવોને કાબુમાં લેવા માટે સરકાર દ્વારા ફલોરમીલોને ઘઉંનુ વેચાણ કરવામાં આવી જ રહ્યુ છે. ફૂડ કોર્પોરેશનને હરરાજીમાં પણ કવીન્ટલનાં ૬૦૦ રૂપિયા જેવા ભાવ મળી રહ્યા છે. અર્થાત સરકારની હરરાજીમાં પણ મીલો ઉંચા ભાવે ખરીદી કરી રહી છે. જાણકારોના કહેવા પ્રમાણે ઘઉંના ભાવ સીઝનના સૌથી ઉંચા છે. સરકારના વેચાણમાં પણ રેકોર્ડબ્રેક ભાવે ટેન્ડર જઈ રહ્યા છે. જોકે છેલ્લા સપ્તાહમાં મામુલી ઘટાડો થયો હતો. સરકાર ભાવોને કાબુમાં લેવા માટે ખુલ્લા બજારમાં વેચાણ વધારે તેવી સંભાવના છે. નવા ઘઉંનુ વાવેતર સારૂ છે એટલે ખુલ્લા બજારમાં વધુ વેચાણ થઈ શકે છે. ઘઉંને પગલે લોટ પણ મોંઘા બન્યા છે. મેંદા-સોજીમાં પણ તેજી થઈ છે. સપ્લાય ઓછી હોવાને કારણે ભાવવધારો છે. વેપારીઓના કહેવા પ્રમાણે સરકાર હાલ દર અઠવાડીયે ખુલ્લા બજારમાં એક લાખ ટન ઘઉંનુ વેચાણ કરે છે. રાજયવાર ફાળવણી કરવામાં આવતી હોય છે.

## ઈઝરાયલની દક્ષિણ ગાઝા પર એરસ્ટ્રાઈક : ૧૭નાં મોત

### આ અઠવાડિયે ત્રીજી વખત ઈઝરાયેલે ગાઝા પર બોમ્બમારો કર્યો : એક જ કેમ્પમાં રહેતાં ૫ બાળકોનાં મોત



**મુખ્ય સમાચાર - ગાઝા**

ગાઝા : દક્ષિણ ગાઝામાં મંગળવારે મોડી રાત્રે ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયાં હતાં. આ હવાઈ હુમલામાં માર્યા ગયેલાં લગભગ તમામ મહિલાઓ અને બાળકો હતાં. આ પહેલાં ઈઝરાયેલના ફાઈટર પ્લેન અને ડ્રોને ગાઝા પટ્ટીમાં ૧૦૦થી વધુ સ્થળો પર બોમ્બમારો કર્યો હતો. જેમાં ૨૦૦ જેટલાં લોકોનાં મોત થયાની માહિતી સામે આવી હતી. નજીકનાં ખાન યુનિસમાં નાસેર હોસ્પિટલનાં બાળકોનાં વોર્ડના ડિરેકટર અહેમદ અલ-ફારાએ જણાવ્યું હતું કે એક જ કેમ્પમાં રહેતાં પાંચ બાળકોનાં મોત થયાં છે. કેમ્પ, ઘરો અને વાહન પર હુમલા બાદ ૮ બાળકોનાં અને ૫ મહિલાઓનાં મૃતદેહો હોસ્પિટલ લાવવામાં આવ્યાં હતાં. આ હુમલા અંગે ઈઝરાયેલની સેનાએ કહ્યું કે, તેણે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હુમલામાં ભાગ લેનારાં આતંકવાદીઓને નિશાન બનાવ્યાં હતાં. તેણે નાગરિકોને થતાં નુકસાનના જોખમને ઘટાડવા માટે પગલાં લીધાં અને હમાસને નાગરિકોની જાનહાનિ માટે જવાબદાર ગણાવ્યું હતું. ગાઝામાં ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો કોઈ અંત જોવા મળતો નથી, જોકે યુદ્ધવિરામ અને હમાસ દ્વારા રાખવામાં આવેલા ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવાના હેતુથી લાંબા સમયથી ચાલતી વાટાઘાટોમાં તાજેતરમાં પ્રગતિ થઈ છે.

## ભારતમાં મતદારોની સંખ્યા હવે ૧૦૦ કરોડને આંબશે

### પ્રથમ વખત મહિલા મતદારોની સંખ્યા ૪૮ કરોડને પાર



**મુખ્ય સમાચાર - નવી દિલ્હી**

માનવ વસ્તીની દ્રષ્ટ્રિએ વિશ્વમાં સૌથી ટોપ પર રહેલા ભારતમાં મતદારોની સંખ્યા હવે ૧૦૦ કરોડને આંબવામાં છે. ૧ જાન્યુઆરીએ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ બાદ મતદારોની સંખ્યા ૯૯ કરોડથી અધિક થઈ છે.હજુ નાગાલેન્ડ, સિકકીમ તથા ચંદીગઢનાં આંકડા બાકી હોવાથી સંખ્યામાં વધારો શકય છે. દેશના ૩૬ રાજયો કેન્દ્ર શાસીત પ્રદેશોનાં મતદાર યાદીનાં આંકડા પ્રમાણે ૯૯ કરોડથી વધુ મતદારોમાંથી ૫૦.૭ કરોડ પુરૂષ અને ૪૮.૩ કરોડ મહિલા મતદારો છે. થર્ડ જેન્ડર મતદારોની સંખ્યા ૪૮૮૭૦ છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરતી વખતે મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમારે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ પછી મતદારોની સંખ્યા વિશે પણ રીપોર્ટ જારી કર્યો હતો અને જણાવ્યું હતું કે દેશમાં મતદારોની કુલ સંખ્યા ૯૯ કરોડને વટાવી ગઈ છે અને ૧૦૦ કરોડે પહોંચવાની નજીક છે. તેઓએ ઉમેર્યુ હતું કે, ભારતીય ચૂંટણી લોકશાહીના ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા મતદારોની સંખ્યા ૪૮ કરોડથી વધુ થઈ છે. ભારતમાં ૧ જાન્યુઆરી ૨૦૨૪ ની સરખામણીએ કુલ મતદારોની સંખ્યામાં ૨.૨ ટકાનો ઉમેરો થયો છે. વસ્તી દીઠ મતદારનો રેશીયો ૬૭.૮ થયો છે જે ૨૦૨૪ ના પ્રારંભે ૬૬.૮ હતો પુરૂષ મતદાર દીઠ મહિલા મતદારની સંખ્યા ૯૫૪ થઈ છે જે અગાઉ ૯૪૮ હતી. રાજયવાર આંકડા ચકાસવામાં આવે તો ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૧૫.૩ કરોડ મતદારો છે. મહારાષ્ટ્ર ૯.૮ કરોડ મતદારો સાથે બીજા ક્રમે છે. બિહારમાં ૭.૮ કરોડ, પશ્ચિમ બંગાળમાં ૭.૬ કરોડ, તથા તામીલનાડુમાં ૬.૩ કરોડ મતદારો છે.

## પોલીસમાં ભરતી થવા ઉમેદવારોએ કડકડતી ઠંડીમાં લગાવી દોડ

### પરીક્ષા કેન્દ્રો પર ક્યાંક ખુશી તો ક્યાંક નિરાશાના દશ્યો, મોટાભાગના સેન્ટરો પર વ્યવસ્થાને લઈ ઉમેદવારો ખુશ જોવા મળ્યા

**મુખ્ય સમાચાર - રાજકોટ**



રાજ્યના પોલીસ વિભાગમાં ૧૨,૪૭૨ જગ્યા પર ભરતી કરવા માટે આજથી રાજ્યના ૧૫ પરીક્ષા કેન્દ્રો (ગ્રાઉન્ડ) પર ૧૦ લાખથી વધુ ઉમેદવારોની પ્રેકટિકલ પરીક્ષાનો પ્રારંભ થયો છે. આજથી શરૂ થયેલી પરીક્ષા આપવા માટે ઉમેદવારો વહેલી સવારે કડકડતી ઠંડીમાં જ પરીક્ષા કેન્દ્રો પર પહોંચ્યા હતા અને ખાખી માટે દોડ લગાવી હતી. મહિલા ઉમેદવારોની સાથે તેમના વાલીઓ પણ પરીક્ષા કેન્દ્રોની બહાર હાજર જોવા મળ્યા હતા. પરીક્ષા કેન્દ્રો પર સફળ થયેલા ઉમેદવારોમાં ખુશીનો માહોલ જ્યારે નિષ્ફલ થયેલા ઉમેદવારો નિરાશ જોવા મળ્યા હતા જો કે, આ સમયે અન્ય ઉપસ્થિત પરિવારજન અને ઉમેદવારો એકબીજાને દિલાસો આપતા દેખાયા હતા. રાજ્યના પોલીસ વિભાગમાં ભરતી કરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ બોર્ડ પોલીસની ૧૨,૪૭૨ જગ્યાઓની ભરતી માટે ૧૬ લાખ ઉમેદવારોએ અરજી કરી હતી. જોકે, બિન-હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડરમાં ૧૦,૭૩,૭૮૬ ઉમેદવાર કન્ફર્મ થયા છે. ગોધરામાં પરીક્ષા આપવા આવેલા અનેક ઉમેદવારો એવા હતા કે જે અસામાન્ય સ્થિતિ વચ્ચે પરીક્ષાની તૈયારી કરી હતી અને આજે પાસ થતા ખુશ જોવા મળ્યા હતા. ગોંડલ જીજી ગ્રાઉન્ડ પર પરીક્ષાની તૈયારીને લઈ ઉમેદવારો ખુશ જોવા મળ્યા, ગોંડલના જીજી ગ્રાઉન્ડ પર સુરેન્દ્રનગર અને જામનગરના ઉમેદવારો પરીક્ષા માટે પહોંચ્યા હતા. અહીં પરીક્ષાને લઈ કરવામાં આવેલી તૈયારીને લઈ ઉમેદવારોએ સંતોષ વ્યકત કર્યો હતો. જામનગરના પોલીસ હેડ ક્વાર્ટરમાં શારીરિક કસોટી માટે ૭૦૦ ઉમેદવારો ઉમટ્યા હતા. જેમાં એક બેચમાં ૨૦૦ યુવાનો એક સાથે શારીરિક પરીક્ષા આપી હતી, જ્યારે ૩૮૫ મીટરના રનીંગ ટ્રેક ઉપર ૧૩ રાઉન્ડ મારી પાંચ હજાર મિટરનની દોડ પૂર્ણ કરશે. પોલીસ હેડ ક્વોટર ખાતે એસ.પી. પ્રેમસુખ ડેલુ, કોમલ વ્યાસ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સૌરાષ્ટ્ર કચ્છમાં કાતિલ ઠંડીઃ નલીયા ૩.૪ — રાજકોટ ૭.૩ ડીગ્રી

### ચાલુ સપ્તાહમાં સીઝનના રેકોર્ડ તોડતી ઠંડી : બર્ફિલા પવનોમાં ઠુંઠવાતા લોકો : ડીસામાં ૮.૮, ભુજ ૯.૨ ડીગ્રી પર પારો

**મુખ્ય સમાચાર - રાજકોટ**



રાજકોટ સહિત સૌરાષ્ટ્ર - ગુજરાતમાં શિયાળો હવે બરોબરનો જામી ગયો છે અને આજે ચાર સ્થળોએ રેકોર્ડબ્રેક ઠંડી સાથે સિંગલ ડિઝીટમાં તાપમાન નોંધાયુ હતું. ખાસ કરીને આજે રાજકોટ-નલિયા, ડિસા અને ભુજવાસીઓને બર્ફીલી ઠંડીએ થીજાવી દીધા હતા. રાજકોટ અને નલિયામાં આજે ચાલુ સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી. આજરોજ સવારે રાજકોટમાં ૭.૩ ડિગ્રી લઘુતમ તાપમાન થઇ જતા નગરજનો ધ્રુજી ગયા હતા. ઉલ્લેખનીય છે કે શહેરમાં બે દિવસ અગાઉ જ ૮.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જે રેકોર્ડ આજે ૪૮ કલાકમાં જ તુટી ગયો હતો. તેમજ આજે નલિયાવાસીઓ પણ કાતિલ ઠંડીમાં થીજી ગયા હતા અને આજે નલિયા ખાતે ચાલુ સિઝનમાં સૌપ્રથમવાર ૩.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. આ ઉપરાંત આજરોજ ભુજ ખાતે ૯.૨ ડિગ્રી અને ડિસામાં ૮.૮ ડિગ્રી સાથે કડકડતી ઠંડી અનુભવાઇ હતી. તેમજ આજે અમદાવાદ ખાતે ૧૨.૧, અમરેલીમાં ૧૧.૭, વડોદરામાં ૧૧.૪, ભાવનગરમાં ૧૨.૬, દમણમાં ૧૫.૪ ડિગ્રી અને દીવમાં ૧૫, દ્વારકામાં ૧૩.૮, કંડલામાં ૧૨.૪, ઓખામાં ૧૮.૬, પોરબંદરમાં ૧૨, સુરતમાં ૧૫.૫ તેમજ વેરાવળ ખાતે ૧૫.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જામનગરમાં સતત બીજા દિવસે પણ લઘુતમ તાપમાનનો પારો ૧૧ ડિગ્રી અને પવનની ગતિ ૮.૬ રહી હતી.જેના લીધે શહેરમાં ટાઢોડુ થઈ ગયું છે, છેલ્લા એકાદ મહીનાથી ઠંડીએ જોર પકડયું છે, ગઇકાલ સાંજથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. ગઈકાલથી જ બર્ફીલો પવન ફુંકાતા ઠંડુગાર બની ગયું છે. આગામી દિવસોમાં જામનગર માં હજુ પણ ઠંડીનો વાયરો થશે, લોકોના જનજીવન પર ભારે અસર પડી છે. સવારના ખાનગી અને એસ.ટી. બસોમાં મુસાફરોની સંખ્યા પણ ઘટી છે, ૨૦૨૫ના નવા વર્ષમાં કાલથી કાતીલ ઠંડી હજુ પણ લોકોને પરેશાન કરશે અને કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. કલેકટર કચેરીના કન્ટ્રોલ રૂમના જણાવ્યા મુજબ લઘુતમ તાપમાન ૧૧ ડીગ્રી, મહત્તમ તાપમાન ૨૪ ડીગી નોંધાયું હતું.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૬ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૮.૬ નોંધાઇ હતી. ભારે શીત લહરને કારણે શહેર અને જિલ્લામાં કડકડતી ઠંડીથી પશુ-પંખીને પણ અસર થઈ છે, ૮.૬ કિમિની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે, લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાયા હતાં. લોકોએ ઠેર-ઠેર તાપણા શરૂ કરી ઠડીમાં રાહત મલેવતા જોવા મળ્યા હતા. ઠંડીને કારણે કાવો, ચા, કોફી, ગાંઠીયા, ભજીયા સહિતની ચીજવસ્તુના વેંચાણમાં વધારો થયો છે. જામનગર શહેરમાં ઠડીની અસર બજાર અને રાજમાર્ગો ઉપર લોકોની ઓછી અવરજવર ઉપર જોવા મળી હતી. તથા ભાવનગર શહેરમાં લઘુતમ ડિગ્રીમાં વધુ એક ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીનું જોર વધ્યું છે. આજે બુધવારે ભાવનગર શહેરનું લઘુતમ તાપમાન ઘટીને ૧૨.૬ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦ % રહ્યું હતું જ્યારે પવનની ઝડપ ૬ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

## તિબેટનું સૌથી પવિત્ર શહેર કાટમાળમાં ફેરવાયુ ૯ કલાકમાં ૧૦૦થી વધુ ભૂકંપ, ૧૨૬ના મોત

**મુખ્ય સમાચાર - શિગાસ્તે (તિબેટ)**



તિબેટના સૌથી પવિત્ર શહેરોમાંથી એક શિગાસ્તેમાં મંગળવારે ૬.૮ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપે વિનાશ વેર્યો છે અને આખા શહેરને કાટમાળમાં ફેરવી દીધું છે. આ ભૂકંપમાં ૧૨૬ લોકોના મોત થઈ ગયા છે અને ૧૮૮ લોકો ઘાયલ થયા છે. અહેવાલ પ્રમાણે માત્ર ૯ જ કલાકમાં ૧૦૦થી વધુ નાના-મોટા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તિબેટની સાથે પાડોશી દેશ નેપાળમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેના કારણે ઈમારતો ધ્રૂજવા લાગી હતી અને લોકો ડરના માર્યા ઘરની બહાર નીકળી ગયા હતા. તિબેટમાં આવેલા ભૂકંપના કેન્દ્રની આસપાસ કુલ ૨૭ ગામ છે અને તેની કુલ વસ્તી ૬૧ હજાર જેટલી થાય છે. સોશિયલ મીડિયા પર સામે આવેલા વિડીયોમાં ધ્વસ્ત બિલ્ડિંગ, કાટમાળ, તૂટી ગયેલા રસ્તાઓ અને કાર જોઈ શકાય છે. આ ભૂકંપે ઠેર-ઠેર તારાજી સર્જી છે. આ ભૂકંપ અત્યંત ઊંચા વિસ્તારોમાં આવેલો હોવાના કારણે મૃત્યુઆંક હજું પણ વધે તેવી શક્યતા સેવાઈ રહી છે. ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટર (ઈઊગઈ) એ જણાવ્યું કે, ભૂકંપની તીવ્રતા ૬.૮ હતી, જ્યારે યુએસ જિયોલોજિકલ સર્વિસ (ગજાલ્ક્ક) એ ભૂકંપની તીવ્રતા ૭.૧ દર્શાવી હતી. પ્રાદેશિક આપત્તિ રાહત મુખ્યમથકના જણાવ્યા પ્રમાણે ભૂકંપ મંગળવારે સવારે ૯:૦૫ વાગ્યે (બેઈજિંગ સમય પ્રમાણે) ચીનના તિબેટ સ્વાયત્ત ક્ષેત્રના શિગાસ્તેમાં ડિંગરી કાઉન્ટીમાં આવ્યો હતો. તેનું કેન્દ્ર શિગાસ્તે શહેરના ડિંગરી કાઉન્ટીના સોગોમાં હતું. શિગાસ્તે ઉત્તર-પૂર્વ નેપાળમાં ખુમ્બુ હિમાલય પર્વતમાળામાં લોબુત્સેથી ૯૦ કિમી દૂર ઉત્તર-પૂર્વમાં આવેલું છે અને તે તિબેટનું છેલ્લું સરહદી શહેર છે, જે નેપાળ-તિબેટ-ભારત ટ્રાઈ-જંકશનથી દૂર નથી. આ વિસ્તાર સિક્કિમને મળે છે. શિગાસ્તે ભારતીય સરહદની નજીક છે. શિગાસ્તેને તિબેટના સૌથી પવિત્ર શહેરોમાંનું એક માનવામાં આવે છે. તે પંચેન લામાની પરંપરાગત પીઠ છે, જે તિબેટીયન બૌદ્ધ ધર્મના પ્રમુખ વ્યક્તિ છે. તિબેટમાં પંચેન લામા, આધ્યાત્મિક ગુરુ દલાઈ લામા બાદ બીજા નંબરનું સ્થાન ધરાવે છે. ઈઊગઈએ જણાવ્યું કે, ભૂકંપ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. નેપાળમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા જ્યાં ઈમારતોને નુકસાન થયું હતું. જોકે, ત્યાં કોઈ જાનહાનિ નથી થઈ. ચાઈનીઝ ટેલિવિઝન પર પ્રસારિત થયેલા ફૂટેજમાં જોઈ શકાય છે કે, બાળકો સહિત લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા અને સ્ટ્રેચર પર મેડિકલ કેમ્પમાં લઈ જવામાં આવી રહ્યા હતા. ભૂકંપ બાદ એક પ્રેસ કોન્ફરન્સમાં અધિકારીઓએ જણાવ્યું કે, ૩,૪૦૦થી વધુ બચાવ કર્મચારીઓ અને ૩૪૦થી વધુ તબીબી કર્મચારીઓને ભૂકંપથી અસરગ્રસ્ત ક્ષેત્રમાં મોકલવામાં આવ્યા છે. ચીનના પ્રમુખ શી જિનપિંગે અસરગ્રસ્ત ક્ષેત્રમાં રાહત અને બચાવ કામગીરી માટે શક્ય તમામ પ્રયાસો કરવાનો આદેશ આપ્યો છે.

# પૂ. ધીરગુરૂદેવ પ્રેરિત ૫-વૈશાલીનગર, રૈયા રોડ સ્થિત મેડીકલ-વૈયાવચ્ચ સેન્ટરનો પાંચમા વર્ષમાં પ્રવેશ




**મુખ્ય સમાચાર - રાજકોટ**

રાજકોટ તા. ૭: પૂજ્ય શ્રી ધીરગુરૂદેવ પ્રેરિત શ્રી વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત, માતુશ્રી શિવકુંવરબેન બચુભાઈ દોશી શ્રીમતી કુંદનબેન નવીનચંદ્ર દોશી મેડીકલ અને વૈયાવચ્ચ સેન્ટર, ૫, વૈશાલીનગર, રૈયા રોડ, સીટી સેન્ટર સામે, વિવિધ કન્સલટીંગ ડોકટર્સની ટીમ દ્વારા આધુનીક લેબોરેટરી, એકસ-રે, સોનોગ્રાફી, ફીઝીયોથેરાપી વિગેરે અનેક પ્રકારની દર્દીનારાયણની રાહતદરે અનેરી સેવા કરવામાં આવે છે.

કોવિડ-૧૯ના કપરા સમયમાં જ્યારે હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી હતી, લાખો દર્દીઓ હોસ્પિટલમાં ન પહોંચી શકવાથી સારવારના અભાવે મળત્યુ પામી રહ્યાં હતાં અને સમાજમાં એક ભયંકર પરિસ્થિતીનું નિર્માણ થયું હતું અને નાના-મોટાં વ્યક્તિઓ અકાળે ટપોટપ મળત્યુ પામતાં હતાં એવે વખતે ગોંડલ સંપ્રદાયના પૂજ્ય શ્રી ધીરજમુનિ મહારાજ સાહેબએ જોયું કે સાધુ-સાધ્વીજીઓને પણ યોગ્ય સારવાર મળતી નહોતી. આ જોઈ પૂજ્ય ગુરુદેવ ધીરજમુનિનું કોમળ હૃદય દ્રવી ઉઠ્યું અને તેમને થયું કે સાધુ- સાધ્વીઓને તેઓનો સંયમ સચવાય તે રીતે યોગ્ય સારવાર મળી રહે તે માટે એક યોગ્ય સંકુલનું નિર્માણ જરૂરી છે તેવું લાગ્યું. જૈન અને જૈનેત્તર સમાજના જરૂરીયાતવાળા વર્ગો માટે જો કંઈક મદદરૂપ થઇ શકાય તો વિશ્વકલ્યાણની ભાવના અને માનવ કલ્યાણની માનસિકતાને અનુમોદન મળી શકે તેવાં શુભ હેતુથી પૂજ્ય ગુરુદેવે ટ્રસ્ટીઓ જયશ્રી શાહ તથા ડો. સંજય શાહ સાથે મળી અને ચર્ચા-વિચારણા બાદ સમાજના તમામ વર્ગો-જેમાં જ્ઞાતિભાવનાથી પર રહીને આર્થિક સ્થિતી નબળી હોય તેવાં વ્યક્તિઓને પણ મદદરૂપ થઈ શકાય તે માટે રૈયા રોડ ઉપર ૫-વૈશાલીનગરમાં શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલમાં ત્રીજા માળે એક વ્યવસ્થિત મેડીકલ અને વૈયાવચ્ચ સેન્ટર શરૂ કરવાનું નક્કી કર્યું. ''ગત વર્ષે વાધર ફેમિલી ફાઉન્ડેશન, અમેરિકા તરફથી મેગા મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું જેમાં હજારો લોકો લાભાર્થી બન્યા હતા. વાધર ફાઉન્ડેશનના કેમ્પમાં ત્રણ દિવસ કન્સલ્ટીંગ ફ્રી, ૧ મહિનાની મેડીસીન ફ્રી, ૫૦૦થી વધારે બાળકોને ચશ્મા ફ્રી આપ્યા, ૨૫૦થી વધુ મોતિયાના ઓપરેશન, જનરલ સર્જરી, ફ્રી ઈન્વેસ્ટીગેશન, જનરલ ચેકઅપ, એક્સ-રે, સોનોગ્રાફી-બધું જ નિઃશુલ્ક કરવામાં આવ્યું. જેનો લાભ અંદાજિત ૧૫૦૦ દર્દીઓએ લીધો જેના માટે અમેરિકાથી સ્પેશીયલ ડોક્ટર્સની ટીમ આવેલી. ત્યારબાદ બીજા પાંચેક કેમ્પ ફક્ત સમાજ સેવા અને દર્દીનારાયણની તંદુરસ્તીના લક્ષ્ય કરવામાં આવ્યા, જેની બહુ જ ખુશી છે. જે કોઈપણ દર્દી આવે સેન્ટર જોઈને એકવાર તો બોલે જ કે ''અમને હતું કે ધર્માદાની હોસ્પિટલ છે ઠીક હશે પરંતુ અહીં આવીને જાણે ફોરેનના કોઈ સેન્ટરમાં આવ્યા હોઈએ એવું લાગે છે.'' દરેક ડોક્ટર્સનો પ્રથમ પ્રતિભાવ એ જ રહ્યો કે અમારી હોસ્પિટલમાં અમારી પોતાની ચેમ્બર અમે આટલી સરસ નથી બનાવી, અમને આ ચેમ્બરમાં ક્ર્જ્ઞાતશશિંદશર્ુ-ઉશદશક્ષશર્ુંનો અહેસાસ થાય છે જે પૂ. શ્રી ધીરજમુનિ મહારાજ સાહેબની નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવનાને આભારી છે. આ સેન્ટરને ૪-જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. આ વિશાળ સેન્ટરમાં તમામ પ્રકારની સગવડો ઉભી કરવામાં આવી. આ સેન્ટરમાં આજે અત્યાધુનિક




એક્સ-રે વિભાગ, સોનોગ્રાફી વિભાગ, કાડિયોગ્રામ તેમજ લેબોરેટરી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી. આ સેન્ટરમાં કન્સલ્ટીંગ ફિઝિશ્યન તરીકે ડો. સી.વી અજમેરા, ડો. વંદન કાનાબાર, પેથોલોજીસ્ટ ડો. દિવેકા બુદ્ધદેવ, રેડીયોલોજીસ્ટ ડો. દિનકર વિરપરીયા, ડો. ભૂમિકા કાનાબાર, ઓર્થોપેડીક ડો. જીત ગાંધી, ડો.કલ્પેશ બજાણીયા, ડો. નીલ ગોહિલ, ન્યૂરો સ્પાઈન સર્જન ડો. ત્રિશાંત ચોટાઈ, ઓપ્થેલ્મોલોજીસ્ટ ડો. ધર્મેશ શાહ. ''જનરલ સર્જન ડો. રાકેશ ચોક્સી, કાડિયોલોજીસ્ટ ડો. ધર્મેશ સોલંકી, ડો. જયદીપ દેસાઈ વિગેરે ખ્યાતનામ ડોક્ટર્સ સેવા આપી રહ્યા છે. તદ્ઉપરાંત, સેન્ટરમાં બીજા માળ ઉપર તમામ આધુનિક સગવડો સાથેનું ફિઝિયોથેરાપી સેન્ટર ચાલે છે જેમાં મારવાડી કોલેજના ડોક્ટર્સ પોતાની સેવા આપી રહ્યાં છે. સેન્ટરમાં વિશ્વસ્તરિય ઉચ્ચત્તમ ગુણવત્તા ધરાવતાં સાધનો (રોશ, જી.ઈ. અને ફ્યુજી કંપની) દ્વારા રાહત દરે તમામ પ્રકારની શ્રેષ્ઠ તપાસ કરવામાં આવે છે જેમાં એક્સ-રે ફક્ત રૂા. ૨૫૦/-માં, સોનોગ્રાફી રૂા. ૩૦૦/-માં, ડોક્ટરનું કન્સલ્ટેશન ફક્ત રૂા. ૧૫૦/-માં કરવામાં આવે છે અને બ્લડ સુગર ફક્ત રૂા. ૨૦/-માં કરવામાં આવે છે. થાઈરોઈડ ટેસ્ટ ફક્ત રૂા. ૧૮૦/-માં કરવામાં આવે છે. આ જ રીતે વિટામીનના ટેસ્ટ, પીસીઓડીના ટેસ્ટ, ઈન્ફર્ટીલીટીના ટેસ્ટ, ડાયાબીટીસના ટેસ્ટ, હૃદયને લગતી બિમારીના ટેસ્ટ, લિપિડ પ્રોફાઈડ પણ રાહતદરે કરવામાં આવે છે. સેન્ટરમાં કોમ્પ્રીહેન્સીવ બોડી ચેકઅપ પણ કરવામાં આવે છે. જેના જુદાં-જુદાં આર્થિક રીતે પરવડે તેવાં પેકેજ ઉપલબ્ધ છે. સેન્ટર સવારે ૮ થી સાંજે ૭ સુધી ૫-વૈશાલીનગર, સીટી સેન્ટરની સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે કાર્યરત રહે છે. જ્યાં એપોઈન્ટમેન્ટ માટે મો.નં. ૯૬૬૪૫ ૦૮૦૫૯ તથા લેબોરેટરીમાં બ્લડ કલેક્શન માટે મો.નં. ૮૬૯૯૯ ૯૩૩૦૩ છે. સમાજના તમામ વર્ગોને ઉપયોગી થઇ શકાય તેવાં ઉદેશથી પૂજ્ય ધીરજમુનિ મહારાજ સાહેબ દ્વારા શરૂ કરાયેલ આ સેન્ટર માનવ સેવા એ જ પ્રભુ સેવા (જૈન ધર્મનો સિદ્ધાંત આરુગ્ગ બોહિલાભ)ના અર્થને સાકાર કરી રહ્યું છે.''

# ૧૧ જાન્યુઆરીએ અમદાવાદ થી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ

## ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ 'નો પ્રારંભ થશે

**મુખ્ય સમાચાર - રાજકોટ**



રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસને વેગ આપવા તેમજ વધુને વધુ પ્રવાસીઓ રાજ્યની મુલાકાત લે અને રાજ્યના સ્થાનિક મેળાઓ-ઉત્સવો લોકોમાં વધુ પ્રચલિત બને તે માટે રાજ્યના પ્રવાસન વિભાગે મેળાઓ અને ઉત્સવોના આયોજન થકી રાજ્યની કલાસંસ્કૃતિ, હસ્તકલા, સ્થાપત્ય, ધાર્મિક અને જોવાલાયક સ્થળોને લોકભોગ્ય બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. ગુજરાતની ઉત્તરાયણને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ બનાવવા અને દેશ દુનિયાના પતંગબાજોને રાજ્યમાં પતંગ ઉડાવવા માટે આમંત્રિત કરવા માટે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. લોકસંસ્કૃતિ, કલા કારીગરી અને પ્રવાસન ક્ષેત્રની પ્રસિદ્ધિના ભાગરૂપે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ' અગત્યની ભૂમિકા ભજવે છે. શરૂઆતના વર્ષોમાં ફક્ત અમદાવાદ શહેર ખાતે યોજાતો પતંગ મહોત્સવ હવે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ આયોજિત કરવામાં આવે છે. આ વર્ષે તારીખ ૧૧ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ઉદ્ઘાટન સમારંભ ૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૯ વાગ્યે અમદાવાદમાં વલ્લભસદન રિવરફ્રન્ટ ખાતે યોજાશે. અમદાવાદમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫ના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રવાસન મંત્રી મૂળૂભાઇ બેરા તેમજ અન્ય અતિથિગણ ઉપસ્થિત રહેશે. રાજ્યના વિવિધ જિલ્લાઓની વાત કરીએ તો, ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ ૧૩ જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયો માંથી ૫૨ (બાવન) જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાંથી પણ ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગના મુખ્ય આકર્ષણો આ મુજબના રહેશે. ઉદ્ઘાટન પ્રસંગે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ઋષિકુમારો દ્વારા આદિત્ય સ્તુતિ વંદના પાઠ થશે. એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પરેડ પણ આયોજીત કરવામાં આવી છે. આ ઉપરાંત નાઈટ કાઈટ ફાઈલિંગ, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ, પતંગ વર્કશોપ, હેન્ડીક્રાફ્ટ સ્ટોલ, રિફ્રેશમેન્ટ સ્ટોલ પણ મુલાકાતીઓ માટે રાખવામાં આવ્યા છે. 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'ના આયોજન થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો પ્રમોટ થાય છે, જેના થકી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. દેશ વિદેશમાંથી ગુજરાત આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારોવાળી રંગબેરંગી પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ઉત્સવોને જનભાગીદારીથી જનઉત્સવ તરીકે ઉજવવવાની શરૂ કરેલી પરંપરાને આપણે આગળ ધપાવતા રણોત્સવ, તાનારીરી મહોત્સવ, મોઢેરા સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ તેમજ સોમનાથ અને દ્વારકાના પવિત્ર યાત્રાધામોમાં પ્રવાસન ઉત્સવ અને દાંડીમાં નેશનલ સોલ્ટ મેમોરીયલ, ગાંધી આશ્રમ વગેરેને ઉત્સવ ઉજવણી અને પ્રવાસન સાથે જોડીને નવો ઉત્સાહ-ઉમંગ-થનગનાટ તથા નવી ચેતના ઉજાગર કરી છે. આવા ઉત્સવોની ઉજવણીની આપણી પરંપરાને કારણે પ્રવાસન વિકસ્યું છે. સૂર્યના ઉત્તર તરફના પ્રયાણ ઉત્તરાયણના પર્વને પર્યાવરણ પ્રકૃતિની ઉપાસનાના સંસ્કાર વારસા સાથે પતંગોત્સવના માધ્યમથી આગળ ધપાવવામાં આવી રહી છે. આવા ઉત્સવોને લીધે જ ગુજરાતની સંસ્કૃતિ અને પ્રવાસન વિરાસત વિશ્વભરમાં પ્રખ્યાત થઇ છે અને દુનિયાભરના લોકો ગુજરાત આવવા પ્રેરાય છે. એટલું જ નહી, સૌના સાથ- સૌના વિકાસ દ્વારા જ્ઞાતિ-જાતિ-પ્રાંતથી ઉપર ઉઠીને દેશની એકતા અને અખંડિતતા આવા ઉત્સવોના માધ્યમથી વધુ સુદ્રઢ બની છે. ગુજરાત રાજ્ય તેના વિવિધ પ્રકારના મેળાઓ અને ઉત્સવોની ઉજવણી માટે દેશભરમાં તેમજ વૈશ્વિક સ્તરે પણ પ્રસિદ્ધ છે. ગુજરાતના મેળાઓ અને ઉત્સવો અહીંની સ્થાનિક લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ છે, જેમાં સમાજનો દરેક વર્ગ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. તેથી આવા મેળા અને ઉત્સવોમાં પ્રવાસન સ્થળોની પ્રસિદ્ધિ કરવાનો ખૂબ જ સારો મોકો મળી રહે છે.

# રાજકોટમા આગળ વધતી પોષણ ઉત્સવની ઉજવણી

## વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં બાલશક્તિ, માતૃશક્તિ અને પુર્ણાશક્તિમાંથી બનતી વાનગીઓના લાઇવ શો યોજાયા

**મુખ્ય સમાચાર - રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતભરમાં પોષણ ઉત્સવની ઉજવણી થઈ રહી છે, જેના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાના આઇ.સી.ડી.એસ. વિભાગ દ્વારા આંગણવાડીઓમા પોષણ ઉત્સવ ઉજવાઇ રહ્યો છે. જેના ભાગરૂપે ઘટક ૩ ના રેલનગર ૨ અને રેડક્રોસ સેજામાં બાલશક્તિ , માતૃશક્તિ અને પુર્ણાશક્તિ પેકેટ્માંથી બનતી વિવિધ વાનગીઓ પ્રત્યે લાભાર્થીઓ જાગૃત થાય તે હેતુથી ટી.એચ.આર. અને શ્રીઅન્ન (મીલેટસ) વાનગીઓના નિદર્શન તથા લાઇવ વાનગી શો યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે લાભાર્થીઓના પોષણ અને આરોગ્ય માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ સતત પ્રયત્નશીલ છે તેમ જણાવી બાળકો , કિશોરીઓ , સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓને દૈનિક પોષણની જરૂરીયાતના એક તૃતિયાંશ ભાગનું પોષણ પુરૂ પાડવા માટે અપાતા ટી.એચ.આર.ના મહત્ત્વ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ. સી.ડી.પી.ઓ. શ્રી પુજાબેન જોશીએ લાભાર્થીઓને આંગણવાડી કેન્દ્રો પર દર મહિને મળતા વિનામૂલ્યે ટી.એચ.આર. પેકેટ્માંથી પ્રાપ્ત થતા પ્રોટીન , વિટામીન , કેલેરી અને સુક્ષ્મ પોષક તત્વો વિશે જાણકારી આપી દૈનિક આહારમાં તેનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. આ તકે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા લાઇવ વાનગી શો યોજી સુખડી, શીરો અને થેપલા બનાવી તેનુ મહત્વ સમજાવાયુ હતુ. મીલેટસ અને ટી.એચ.આર.માંથી વાનગીઓ બનાવનાર આંગણવાડીના બહેનો અને



લાભાર્થીઓને પ્રથમ ૩ નંબર અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. ઉપરાંત કુપોષિત બાળકોને કપિલભાઇ પંડયા તરફથી પોષણ કિટ આપવામાં આવી હતી. પ્રોગ્રામ ઓફિસરશ્રી જનકસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં શાસક પક્ષના દંડકશ્રી મનીષભાઇ રાડીયા , વોર્ડ નંબર ૩ ના કોર્પોરેટર અલ્પાબેન દવે , અગ્રણીઓ રણધીરભાઇ સોનારા , હેમુભાઇ , કપીલભાઇ પંડયા , મુખ્ય સેવિકા તૃપ્તિબેન દવે , ઝરણાબેન વ્યાસ , પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર મમતાબેન , માનસીબેન , સંજયભાઇ , ભાવિંનભાઇ , પુર્ણા કન્સલ્ટન્ટ જયશ્રીબેન ભાયાણી , આંગણવાડી કાર્યકર બહેનો અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હ્યુમન મેટા ન્યુમો વાઈરસ અંગે સાવચેત રહેવા તેમજ સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવા અપીલ કરતાં કલેક્ટર

## હ્યુમન મેટા ન્યુમો વાઈરસ અંગે ભારત સરકારે માર્ગદર્શિકા બહાર પાડી

**મુખ્ય સમાચાર - રાજકોટ**



હ્યુમન મેટા ન્યુમો વાઈરસ (HMPV) અંગે ભારત સરકારે માર્ગદર્શિકા બહાર પાડી છે. જે મુજબ હ્યુમન મેટા ન્યુમો વાઈરસ (ઈખક્રટ) અન્ય શ્વસન વાયરસ જેવો જ વાયરસ હોવાથી શિયાળાની ઋતુ દરમિયાન નાના બાળકો અને વૃદ્ધ વયના લોકોમાં જોવા મળે છે. અને આ વાઈરસમાં સામાન્ય શરદી અને ફલુના લક્ષણો જોવા મળે છે. જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો.નવનાથ ગવ્હાણે અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.આર.આર. ફુલમાલીએ જાહેર જનતાને આીલ કરતાં જણાવ્યું છે કે લોકોએ ગભરાવાની જરૂર નથી. પરંતુ, તકેદારીના પગલાઓ અને સરકારે જાહેર કરેલ માર્ગદર્શિકા મુજબ અવશ્ય લેવા. આ રોગનો સામનો કરવા માટે હાલ પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે ઓક્સિજન અને વેંટીલેટર સાથે જરૂરી બેડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઊપરાંત, નાગરિકોને શ્વસનને લગતા ચેપી રોગોના રક્ષણ સામે શું કરવું અને શું ન કરવું તેના નિયમોનું પાલન કરવા જણાવાયું છે.

૧- જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું.

૨- નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવાં કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો.

૩-ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફલૂથી પીડિત વ્યકિતઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું.

૪-તાવ, ઉધરસ કે છીંક આવે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું.

૫-વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો.

૬-પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી.

૭-બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન વાળા વાતાવરણમાં રહેવું.

૮-શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

શું ના કરવું (Don'ts):

૧-આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ.

૨-ચેપગ્રસ્ત વ્યક્તિએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું.

૩-જાતે દવા લેવાનું ટાળવું, લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય વિભાગનો સંપર્ક કરવો.

ઉપરાંત, વાઈરસથી ગભરાવું નહિ, સાવચેતી એ જ સલામતી હોઈ આ માર્ગદર્શિકાનું અવશ્ય પાલન કરવા આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

# રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુદ્રઢીકરણનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય

રાજયના ૩૨ જેટલા માર્ગો પરનું નેટવર્ક સુવ્યવસ્થિત કરવા નવા મેજર-માઈનોર પૂલોના નિર્માણ માટે ૭૭૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા





**મુખ્ય સમાચાર - રાજકોટ**

મુખ્યમંત્રીએ અત્યાર સુધીમાં ૧૩૦૭ કરોડ રૂપિયા સાંકડા પૂલો-સ્ટ્રકચર્સને પહોળા કરવા તથા જુના અને નબળા પૂલોના સ્થાને મેજર-માઈનોર પૂલોના પુનઃ બાંધકામ અને મરામત જેવા ૨૬૫ કામો માટે ફાળવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને સલામત, સુરક્ષિત અને સુવિધા સભર રોડ નેટવર્ક પૂરું પાડવા માટેનો એક વધુ મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજ્યના માર્ગ અને મકાન વિભાગ હેઠળના રસ્તા-પૂલોના નેટવર્કને સુવ્યવસ્થિત કરવા કુલ ૩૨ માર્ગો પર નવા મેજર-માઈનર પૂલોના બાંધકામ માટે ૭૭૮.૭૪ કરોડ રૂપિયાની કરવામાં આવેલી દરખાસ્તને મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સર્વગ્રાહી વિકાસની ધોરીનસ સમાન રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરીને નાગરિકો તેમજ ઉદ્યોગ-વેપાર સૌને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો અભિગમ અપનાવ્યો છે. એટલું જ નહીં, માર્ગો પરના સાંકડા પૂલ સ્ટ્રકચર્સને પહોળા કરીને લોકોને ટ્રાફિકજામ થવાની સમસ્યાથી મુક્તિ આપવા સહિત જુના અને નબળા હયાત પૂલો, સ્ટ્રકચર્સના સ્થાને મેજર-માઈનર પૂલોના પુનઃ બાંધકામ-મરામત વગેરે કામો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવા ૨૬૫ કામો માટે સમગ્રતયા ૧૩૦૭ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે. માર્ગ મકાન વિભાગે મુખ્યમંત્રીશ્રી સમક્ષ તાજેતરમાં રજૂ કરેલી ૩૨ માર્ગો પરના નવા મેજર- માઈનર પૂલોના બાંધકામ માટેની ૭૭૮.૭૪ કરોડની દરખાસ્તને તેમણે અનુમતિ આપી છે. આમ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાછલા બે વર્ષમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુદ્રઢીકરણના વિવિધ ૨૯૭ કામો માટે કુલ ૨૦૮૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીના આ પ્રજા હિતકારી નિર્ણયને પરિણામે આગામી દિવસોમાં નાગરિકોને વધુ સુવિધાજનક રોડ નેટવર્ક મળવાથી યાતાયાત સરળ બનશે તેમજ ઈઝ ઓફ લિવિંગમાં પણ વૃદ્ધિ થશે.

# ખેલ મહાકુંભ ૩.૦:રાજકોટમાં ઝોન-૧ તથા ઝોન-૨ની સ્પર્ધામાં ૨૮૧ રમતવીરો વિજેતા

## ઝોન-૧માં ૧૪૪ જ્યારે ઝોન-૨માં ૧૩૭ સ્પર્ધકો એકથી ત્રણ ક્રમે વિજેતા બન્યા

**મુખ્ય સમાચાર - રાજકોટ**

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજકોટ એથ્લેટિક્સ ગ્રાઉન્ડમાં ગત રોજ યોજાયેલી ઝોન-૧ તથા ઝોન-૨ની વિવિધ સ્પર્ધાઓમાં કુલ મળીને ૨૮૧ રમતવીરો વિજેતા બન્યા છે. જેમાં ઝોન-૧માં ૧૪૪ રમતવીરો જ્યારે ઝોન-૨માં ૧૩૭ ખેલાડીઓએ એકથી ત્રણ ક્રમમાં આવ્યા છે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકામાં કુલ ૯૪,૫૩૩ ખેલાડીઓ તથા રાજકોટ ગ્રામ્યમાં કુલ ૧,૮૯,૨૭૨ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ રમતોત્સવમાં ગત રોજ રાજકોટના એથ્લેટિક્સ ગ્રાઉન્ડમાં રાજકોટના ઝોન-૧ તથા ઝોન-૨ના રમતવીરોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને ૧૭ તેમજ ઓપન કેટેગરીના ખેલાડીઓએ ઝુકાવ્યું હતું. ગત રોજ એથેટીક્સમાં ૩૦ મીટરથી લઈને ૩૦૦૦ મીટર સુધીની વિવિધ અંતરની દોડની સ્પર્ધાઓ, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, ઊંચી કુદ, લાંબી કુદ તેમજ ગોળા ફેંક, ચક્ર ફેક તથા બરછી ફેકની સ્પર્ધાઓ થઈ હતી. જેના પરિણામ સામે આવ્યા છે. એથ્લેટિક્સ ઝોન-૧માં કુલ મળીને ૭૯ બોય્ઝ તથા ૬૫ ગર્લ્સે પ્રથમથી તૃતિય ક્રમાંક હાંસલ કર્યો હતો. ઝોન-૧માં કુલ મળીને ૧૪૪ ખેલાડીઓ વિજેતા બન્યા છે. જ્યારે ઝોન-૨માં ૭૨ બોય્ઝ અને ૬૫ ગર્લ્સ મળીને કુલ ૧૩૭



ખેલાડીઓએ પ્રથમથી તૃતિય ક્રમાંક હાંસલ કર્યો છે. બંને ઝોનમાં કુલ મળીને ૨૮૧ ખેલાડીઓ વિજેતા બન્યા છે.

ઝોન-તાલુકા કક્ષાએ સ્પર્ધામાં વિજેતા ખેલાડીમાં, વ્યક્તિગત રીતે પ્રથમ વિજેતાને રૂ.૧૫૦૦, દ્વિતીય વિજેતાને રૂ.૧૦૦૦ તથા તૃતિય વિજેતાને રૂ.૭૫૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ઝોન કક્ષાએ પ્રથમ બે ક્રમમાં આવેલા રમતવીરો જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. જ્યાં પ્રથમ બે વિજેતા ખેલાડીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદ પામશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબી પીજીવીસીએલ દ્વારા મકરસંક્રાંતિ દરમિયાન પતંગ મહોત્સવ માટે સુરક્ષા સૂચનો જાહેર કરાયા

## વીજ સમસ્યાના નિવારણ માટે વિસ્તાર મુજબ ટેલિફોન નંબર જાહેર કરી વિજ સલામતીના નિયમોનું પાલન કરવા જાહેર જનતાને અનુરોધ કરાયો

મુખ્ય સમાચાર મોરબી

મોરબી પીજીવીસીએલ કચેરી દ્વારા મકરસંક્રાંતિના પતંગોત્સવને ધ્યાનમાં રાખીને વિજ સલામતી માટે મહત્વપૂર્ણ સૂચનાઓ અને તમામ વિસ્તારમાં તાત્કાલિક વિજ સમસ્યાના નિકાલ માટે ટેલિફોન નંબર જાહેર કરવામાં આવ્યા છે.

મોરબી પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર ડી.આર. ઘાડિયાએ પતંગ મહોત્સવ દરમિયાન જનતાને વિજ સલામતીનું પાલન કરવા અનુરોધ કર્યો છે. ખુલ્લા વીજ તારમાં લંગર ન નાખવા અને ત્યાં ચડવાનો પ્રયાસ ન કરવો જેવા નિયમો જણાવાયા છે.

લોખંડના સળીયા કે ધાતુના તાર વડે પતંગ ખેંચવા અથવા ઉડાડવાથી વિજ શોક લાગવાની અને ગમખ્વાર અકસ્માત સર્જવાની શક્યતા રહે છે. વીજ વપરાશના સાધનો કે ઉપકરણોને નુકસાન થતું ટાળવા માટે મેગ્નેટિક ટેપ, સિન્થેટીક દોરી કે વીજ વાહક માંજાનો ઉપયોગ ન કરવો.

વીજળીના તૂટેલા તારથી દૂર રહેવા અને કોઈપણ તાત્કાલિક વિજ સમસ્યાના નિકાલ માટે પીજીવીસીએલની પેટા-વિભાગીય કચેરી અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩ અથવા ૧૯૧૨૨ પર



સંપર્ક કરવાની અપીલ કરવામાં આવી છે. આ સાથે જનસુરક્ષા માટે પાવર લાઈન સંબંધિત તમામ ફરિયાદો તાત્કાલિક રીતે નોંધાવવા અને લોકોને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી મોરબી પીજીવીસીએલ દ્વારા આપવામાં આવી છે.

વધુમાં, પતંગ મહોત્સવ ૨૦૨૫ અંતર્ગત કોઈ જાનહાનીનો સામનો ન કરવો પડે તેમજ સમસ્યા ન થાય તે હેતુથી પીજીવીસીએલ મોરબી દ્વારા વિસ્તાર વાઈઝ પેટા વિભાગીય કચેરીઓની યાદી તેમજ ફોલ્ટ સેન્ટરના સંપર્ક નંબર જાહેર કરાયા છે.

જેમાં મોરબી શહેર-૧ ૦૨૮૨૨-૨૨૦૬૫૧, ૯૬૮૭૬૩૩૭૨૦, મોરબી શહેર ૨૦૨૮૨૨-૨૩૦૬૫૦ (નેહરુ ગેઈટ) ૬૩૫૭૩૦૩૨૪૬, ૦૨૮૨૨-૨૪૨૦૨૪ (સામા કાંઠે) ૯૬૮૭૬૩૩૭૨૧, મોરબી ઇન્ડસ્ટ્રીયલ ૦૨૮૨૨-૨૪૨૦૨૫/ ૬૫૮૭૬૩૩૭૨૩, લાલપર ૬૩૫૭૩ ૨૭૩૫૮/૯૬૮૭૬૩૩૭૨૪, ઘુંટુ ૬૩૫૭૪૨૨૭૪૮/ ૬૩૫૭૩૩૨૮૨૭, શનાળા ૬૩૫૭૩૨૭૩૫૭/ ૯૬૮૭૬૩૩૭૨૫, ટંકારા ૦૨૮૨૨-૨૮૭૭૬૨/૯૬૮૭૬૩૩૭૩, પીપળીયા ૬૩૫૭૩૨૭૩૫૯/ ૯૬૮૭૬૩૩૭૨૬, જેતપર ૬૩૫૭૩૨૭૩૬૦, ૯૯૨૫૦૧૨૩૦૭, વિરપર ૬૩૫૭૪૨૨૭૫૮ / ૬૩૫૭૩૩૨૮૩૦, નાની વાવડી ૦૨૮૨૨-૨૫૧૨૭૧ /૬૩૫૭૩૩૨૮૨૯, હળવદ શહેર ૦૨૭૫૮-૨૭૧૪૩૬/૯૬૮૭૬૬૨૦૫૫ , હળવદ ગ્રામ્ય ૯૯૨૫૨૧૪૫૧૮/ ૯૯૨૫૨૧૪૬૪૧, ચરાડવા ૬૩૫૭૧૭૩૪૫૮ /૯૯૨૫૨૧૪૪૩૩, સરા ૯૬૮૭૬૬૨૫૫૨/ ૯૦૯૯૦૨૧૩૮૭, વાંકાનેર શહેર ૯૬૮૭૬૩૩૭૨૭, વાંકાનેર ગ્રામ્ય-૧ ૦૨૮૨૮-૨૨૦૫૭૪, વાંકાનેર ગ્રામ્ય-૨ ૯૯૭૮૯૩૫૨૯૩/ ૯૬૮૭૬૩૩૭૨૯ પર સંપર્ક કરવા જણાવ્યું છે

# મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે માળીયા(મી) નજીકથી વિદેશી દારૂ ભરેલ કાર ઝડપી લીધી

## ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા પીછો કરતા કાર-ચાલક કાર રેઢી મૂકીને ફરાર થયો

મુખ્ય સમાચાર મોરબી

મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમને મળેલ બાતમીને આધારે માળીયા(મી) ખાતે વોચમાં હોય તે દરમિયાન કચ્છ તરફથી આવતી ગ્રે કલરની આઈ-૨૦ કારનો પીછો કરતા કાર ચાલક પોતાના હવાલા વાળી કાર રેઢી મૂકીને નાસી ગયો હતો, ત્યારે કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૩૨૧ બોટલ કિ.રૂ.૨.૨૦ લાખ મળી આવ્યો હતો. આ સાથે ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે કાર સહિત ૫.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ માળીયા(મી) પોલીસ મથકમાં રેઢી મળી આવેલ કારના ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ પ્રોહી.ધારા હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.



મળતી માહિતી અનુસાર, મોરબી એલસીબી તથા ફર્લો સ્કવોડ ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પીઆઇ એમ.પી.પંડયાને ખાનગીરાહે હકિકત મળેલ કે, કચ્છ તરફથી એક ગ્રે કલરની હુન્ડાઇ આઈ-૨૦ ગાડી રજી.નં. જીજે-૩૬-બી-૮૧૧૯માં વિદેશીદારૂનો જથ્થો ભરી માળીયા મિંયાણા તરફ આવનાર છે તેવી ચોકકસ અને હકીકત મળેલ હોય જે અનુસંધાને એલ.સી.બી./પેરોલ ફર્લો સકવિડ ટીમ વોચમાં હોય તે દરમિયાન ઉપરોક્ત આઈ-૨૦ કાર ત્યાંથી પસાર થતા તે કારનો પીછો કરતા ગાડી ચાલક પોતાની ગાડી માળીયા(મી) નજીક મચ્છુ નદીના પુલ પાસે રેઢી મુકી નાશી ભાગી ગયેલ જે બાદ કારની તલાસી લેતા કારમાં વિદેશી દારૂની રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૩૨૧ નંગ બોટલ કિ.રૂ.૨,૨૦,૨૦૬/-મળી આવી હતી. આ સાથે પોલીસે કાર તથા વિદેશી દારૂ સહિત કિ.રૂ.૫,૨૦,૨૦૬/- નો મુદ્દામાલ કબ્જે કરી આગળનો ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સફળ કામગીરીમાં એલસીબી પીઆઇ એમ.પી.પંડયા તથા પીએસઆઇ એસ.આઇ.પટેલ, વી.એન.પરમાર તથા એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડ ટીમ રોકાયેલ હતી.

# હળવદમા કવાડીયા ચેકપોસ્ટ ખાતેથી કારમાં પીસ્ટલ સાથે નીકળેલ રાજસ્થાની વેપારીને પકડી લેવાયો

## હળવદ પોલીસ એક પીસ્ટલ, બે મેગ્જીન, જીવતા ૧૭ કારતૂસ સહીત કુલ ૧૦,૧૨,૨૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો

મુખ્ય સમાચાર હળવદ

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે અમદાવાદ-માળીયા(મી) હાઈવે ઉપર કવાડીયા ચેકપોસ્ટ ખાતેથી એક્સયુવી કારમાં પીસ્ટલ, બે મેગ્જીન તથા જીવતા ૧૭ કારતૂસ સાથે હાલ અમદાવાદ રહેતા મૂળ રાજસ્થાની વેપારીને પકડી લેવામાં આવ્યો છે, પકડાયેલ આરોપી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં હથિયાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી અનુસાર, હળવદ પોલીસ ટીમ અમદાવાદ માળીયા હાઈવે રોડ કવાડીયા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન એએસઆઇ અજીતસિંહ નટુભા સિસોદીયા તથા કોન્સ હરવિજયસિંહ કિરીટસિંહ ઝાલાને મળેલ બાતમીને આધારે એક મહિન્દ્રા એક્સયુવી-૭૦૦ફોર વ્હીલ કાર રજી.નં. જીજે-૨૭-ઈસી-૯૭૮૯માંથી આરોપી અખેરામસિંહ દયાલસિંહ ચૌધરી ઉવ.૪૨ હાલરહે.એ-૩૦૩ શ્રીનાથ રેસીડન્સી નારોલ, અમદાવાદ મુળરહેવાસી ગામ ખેડીદેવીસિંહ તા.નદવઇ જી.ભરતપુર રાજ્ય રાજસ્થાન વાળા પાસેથી લોખંડની પીસ્ટલ નંગ ૧, મેગ્જીન ૨ તથા જીવતા કાર્ટીસ નંગ ૧૭ કિ.રૂ. ૧૨,૨૦૦/-સાથે પકડી લઈ કાર સહિત કુલ કિ.રૂ.૧૦,૧૨,૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીના ઈન્દિરાનગરમાં તીનપત્તીની બાઝી માંડી બેઠેલા પાંચ જુગારી પકડાયા



મુખ્ય સમાચાર મોરબી

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન સામાકાંઠા વિસ્તારમાં ઈન્દિરાનગર મંગલમ વિસ્તારમાં ખુલ્લા પટ્ટમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહેલ પ્રવિણભાઇ સવજીભાઇ રાઠોડ ઉવ.૪૬, રવીભાઇ વેલજીભાઇ સોલંકિ ઉવ.૨૭, મુનોભાઇ સોમાભાઇ સોલંકિ ઉવ.૩૬, મોહનભાઇ બીજલભાઇ સોલંકિ ઉવ.૫૩ તથા લખધીરભાઇ મુસાભાઇ સોલંકિ ઉવ.૫૫ તમામ રહે. મોરબી-૨ ઈન્દિરાનગર મંગલમ વિસ્તારવાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૩,૮૭૦/- જપ્ત કરી તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# મોરબીના મકનસર ગામે જીવતું નવજાત બાળક ત્યજી દીધેલ હાલતમાં મળી આવ્યું

મુખ્ય સમાચાર મોરબી

મોરબીના પ્રેમજીનગર મકનસર ગામે એક તાજું જન્મેલ નવજાત બાળકને અજાણી સ્ત્રી(માતા)દ્વારા ત્યજી દીધેલ હાલતમાં મળી આવવાની ઘટનાને લઈ નાના એવા પ્રેમજીનગર ગામમાં ચકચાર મચી જવા પામ્યો છે. હાલ બાળક મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં રાખવામાં આવેલ છે. તાલુકા પોલીસે ત્યજી દીધેલ અજાણી સ્ત્રી વિરુદ્ધ ગુનો નોંધી બિનવારસી નવજાત બાળકના વાલીવારસની શોધખોળ શરૂ કરી છે.



પ્રાપ્ત માહિતી મુજબ મોરબીના પ્રેમજીનગર મકનસર ગામે રહેતા જયેશભાઇ વેલજીભાઇ શેખવા ઉવ.૩૫ ના ઘરની પાછળ કોઈ અજાણી સ્ત્રી દ્વારા તાજું જન્મેલ જીવતું બાળક મૂકીને ચાલી ગયેલ હોય ત્યારે ફરિયાદી ગઈ તા. ૦૭/૦૧ના રોજ મોડીરાત્રે પોતાની ગેરેજમાં કામ પૂર્ણ કરીને ઘરે આવ્યા હતા ત્યારે ઘરની પાછળથી બાળકના રડવાનો અવાજ આવતા જેથી ઘરની પાછળ તપાસ કરતા જીવતું નવજાત બાળક મળી આવ્યું હતું, જેથી તુરંત જયેશભાઈએ ૧૦૮ બાદ પોલીસને જાણ કરી હતી, ત્યારે ૧૦૮ દ્વારા નવજાત બાળકને પ્રાથમિક સારવાર આપી મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયુ હતું. હાલ તાલુકા પોલીસ દ્વારા જયેશભાઈની ફરિયાદને આધારે નવજાત બાળકને ત્યજી ગયેલ આરોપી અજાણી સ્ત્રી વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

# અંકલેશ્વરના બાકરોલ બ્રિજ પાસે અકસ્માતમાં ૩નાં મોત

મુખ્ય સમાચાર અંકલેશ્વર

ભરૂચના અંકલેશ્વર પાસે નેશનલ હાઈવે નંબર-૪૮ પર મુંબઇ જતા બાકરોલ બ્રિજ પાસે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. પરોઢે પૂરપાટ ઝડપે જતી અર્ટિગા કારને પાછળથી કોઈ વાહને ટક્કર મારતા કાર ટ્રક પાછળ ધડાકાભેર ભટકાઈ હતી. જેમાં પરિવારના ૭ પૈકી ૩ના ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યાં હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ, ક્રેન અને ફાયર વિભાગની મદદથી રેસ્ક્યૂ કરી ૪ ઈજાગ્રસ્તોને બહાર કાઢી ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાંથી ઈજાગ્રસ્તોને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ઘટનાને પગલે લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. પાનોલી પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.



અજમેરમાં ઉર્સની ઉજવણી કરી મુંબઈના પાલઘરનો પરિવાર પરત જતો હતો મુંબઈના પાલઘરનો પરિવાર અજમેરમાં ઉર્સની ઉજવણી માટે ૬ જાન્યુઆરીના રોજ ગયો હતો. ત્યાંથી ઉર્સની ઉજવણી બાદ પરિવાર મુંબઈ જવા પરત ફર્યો હતો. ત્યારે અંકલેશ્વરના બાકરોલ બ્રિજ પાસે આ પરિવારની અર્ટિગા કારને પાછળથી કોઈ વાહને ટક્કર મારતા કાર આગળ જતા ટ્રકમાં ઘૂસી ગઈ હતી. જેમાં અર્ટિગા કાર સેન્ડવિચ થઈ ગઈ હતી અને પરિવારના ૭ સભ્યોમાંથી ૩ના ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય ૪ ઈજાગ્રસ્તોને ભરૂચની સિવિલ હોસ્પિટલથી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જેમાં પરિવારના ૭ પૈકી ૩ લોકોએ ઘટના સ્થળે જ જીવ ગુમાવ્યા છે. જ્યારે અન્ય ૪ ઈજાગ્રસ્તોને પહેલા ભરૂચ સિવિલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા અને ત્યાંથી તેમને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં જ્યાં તેમને સારવાર મળી રહી છે. અકસ્માતની જાણ થતા જ પોલીસ અને રાહત ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, મુંબઇ જતાં એક પરિવારની અર્ટિગા કારને પાછળથી કોઈ વાહને ટક્કર મારતા આગળ જતા ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. જેને લઈ અર્ટિગા કારનો બુકડો બોલી ગયો હતો.

# મોરબીમા સ્કોર્પિયો કારમાં આવેલ ત્રણ શખ્સો દ્વારા છરીની અણીએ અલગ અલગ ટ્રકની ટાંકીમાંથી ડીઝલની લૂંટ ચલાવી

## ટ્રક ડ્રાઈવરોને છરી બતાવી પાઇપ વડે ચાર ટ્રકમાંથી ૭૫૦ લીટર ડીઝલની લૂંટ

મુખ્ય સમાચાર મોરબી

મોરબીના વાંકાનેર નેશનલ હાઈવે ઉપર લાલપર ગામ નજીક શ્રી હરિ ચેમ્બર નજીક પાર્ક કરેલ ટ્રકના ડ્રાઈવરોને સફેદ કલરની સ્કોર્પિયો કારમાં આવેલ ત્રણ શખ્સો દ્વારા છરી બતાવી ટ્રકની ટાંકીમાં પાઇપ નાખીને અલગ અલગ ચાર ટ્રકોમાંથી ૭૫૦ લીટર ડીઝલની લૂંટ કરી ત્રણેય ઈસમો નાસી ગયા હતા. હાલ ટ્રાન્સપોર્ટર ટ્રક માલીક દ્વારા તાલુકા પોલીસ મથકમાં ડીઝલ લૂંટ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ રાજકોટના કોટડાસંગાણી ગામના વતની હાલ રાજકોટ સહકાર સોસાયટી શેરી નં.૫ માં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી સંજયભાઇ ગોવિંદભાઇ ચાવડા ઉવ-૩૮ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં સફેદ કલર સ્કોર્પિયો કાર રજી.નં. જીજે-૧૨-સીજી-૨૨૧૮ માં આવે અજાણ્યા ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૦૩/૦૧ના રોજ રાત્રીના ૩ વાગ્યાના અરસામાં મોરબી વાંકાનેર નેશનલ હાઈવે રોડ લાલપર ગામની સામે શ્રી હરી ચેમ્બર્સ, પટેલ વિહાર હોટલની બાજુમાં ફરિયાદી સંજયભાઈ બે ટ્રકના ડ્રાઈવરો અને પ્રવીણભાઈ દલસાણીયાના ટ્રકના ડ્રાઈવરને તેમજ સોરીસો સીરામીક નજીક રોડ ઉપર પાર્ક કરેલ ટ્રક ટ્રેઈલરના ડ્રાઈવરોને એક સફેદ કલરની સ્કોર્પીઓ ગાડીમાં આવેલ ત્રણ અજાણ્યા ઈસમોએ છરી બતાવી ડરાવી ધમકાવી ગાડીઓની ટાંકીઓમાંથી પાઇપ વડે કેરબાઓમાં આશરે ૭૫૦ લીટર ડીઝલ કિ.રૂ.૬૭,૫૦૦/-ભરી લૂંટ કરી સ્થળ ઉપરથી નાસી ગયા હતા. હાલ તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ત્રણ ઈસમો તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના નજરબાગ નજીક વિદેશી દારૂની એક બોટલ સાથે યુવક ઝડપાયો.

મુખ્ય સમાચાર મોરબી

મોરબીના નજરબાગ વિદ્યાનગર સોસાયટી સાયન્સ કોલેજ સામે શંકાસ્પદ હાલતમાં એક ઈસમ આંટાફેરા મારતો હોય ત્યારે બી ડિવિઝન પોલીસ ટીમે તે ઈસમને રોકી તેની તલાસી લેતા તેના પાસેથી વિદેશી દારૂની રોયલ સ્ટગ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૬૭૩/-મળી આવી હતી, જેથી તુરંત આરોપી અજયભાઇ નાગજીભાઇ માલકીયા ઉવ.૨૯ રહે. વિદ્યાનગર સોસાયટી નજરબાગ સાઈન્સ કોલેજ સામેવાળાને પકડી લઈ તેની સામે બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રેમિકાની હત્યા કરી, બાઈક પર રિવરફ્રન્ટ જઈ પ્રેમીએ સાબરમતીમાં કુદી આપઘાત કર્યો

મુખ્ય સમાચાર અમદાવાદ

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આજે (૭ જાન્યુઆરી) મોડી સાંજે નમસ્તેના સર્કલ નજીક કોર્પોરેશનના ગાર્ડનમાં પરિણીત મહિલાની હત્યા કરાયેલી લાશ મળી હતી. આ મામલે પોલીસે મૃતક મહિલાના પતિ પાસે અન્ય વિગતો જાણવાનો પ્રયાસો કર્યા હતા. જોકે, પોલીસ તપાસ દરમિયાન આ કેસમાં નવો વળાંક આવ્યો, જેમાં પરિણીત મહિલાના પ્રેમીએ જ તેની હત્યા કર્યા બાદ સાબરમતી નદીમાં કુદીને આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.શાહીબાગના નમસ્તે સર્કલ પાસે આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડનના વોકિંગ ટ્રેક પરથી ૩૦ વર્ષીય પરિણીત મહિલાની હત્યા કરાયેલી લાશ મળી હતી. જોકે, ત્યાંથી નીકળતા કોઇ વ્યક્તિએ આ લાશ જોયા બાદ બૂમો પાડવા લાગ્યો હતો આ બનાવની જાણ થતા માધુપુરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર વાઘેલા ત્યાં પહોંચ્યા હતા અને તેમણે આ મામલે વધુ તપાસ શરૂ કરી હતી.

# બપાડાના પાટિયા પાસે અકસ્માતમાં યુવકનું મોત



મુખ્ય સમાચાર તળાજા

તળાજા તાલુકાના બપાડા ગામના પાટિયા પાસે નેશનલ હાઈવે પર ગચ સોમવારે સાંજના સુમારે મજુરી કામેથી પરત ફરી રહેલા સુરેશભાઈ જીણાભાઈ રાઠોડ (ઉ.વ.આશરે ૩૫)નું મોત નિપજ્યું હતું.

બપાડા ગામના પાટિયા પાસે તેઓ તેમની બાઈક પરથી રોડ ક્રોસ કરી રહ્યાં હતા ત્યારે જીજે-૦૩-બીટી-૮૮૩૦ નંબરના પીકઅપ વાહને તેમની બાઈકને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો અને બાદમાં હાઈવે પરની એસટી બસ જીજે-૧૮-ઝેડટી-૧૨૭૯ સાથે પીકઅપ વાહન અથડાવી નુકસાન પહોંચાડયું હતું. અકસ્માત સર્જાયા બાદ સુરેશભાઈ જીણાભાઈ રાઠોડને તળાજા સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ અકસ્માતમાં અકસ્માત સર્જનાર વાહન ચાલકને પણ ઈજા પહોંચી હતી જેમને પણ સારવાર માટે તળાજા ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે દિનેશભાઈ ફાંફાભાઈ રાઠોડે અલંગ પોલીસ મથકમાં જીજે-૦૩-બીટી-૮૮૩૦ નંબરના પીકઅપ વાહનના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સિક્કામાં કારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

મુખ્ય સમાચાર જામનગર

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસખ ડેલૂ સાહેબએ જિલ્લામાં પ્રોહી જુગાર સદંતર બંધ કરવા સુચના કરવામાં આવેલ હોય તથા લાલપુર ડિવિઝન મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતિભાના સિધા માર્ગદર્શક હેઠળ સિક્કા પો.સ્ટે. વિસ્તારમાં દારૂ જુગારના વધુ ને વધુ કેસો શોધી કાઢવા સુચનાઓ આપવામાં આવેલ હોય.ઉપરોક્ત સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ સિક્કા પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. વી.બી.ચૌધરી સાહેબ ની સુચનાથી પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.કોન્સ. જીતેન્દ્રભાઈ કાંતીભાઇ પરમાર તથા જયપાલભાઇ ડાયાભાઇ મેર નાઓને સંયુકત ખાનગી રાહે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે સિક્કા પંચવટી સોસાયટી સી.એચ.સી.ની પાસે લક્ષ્મણ ઉર્ફે લખો નારણભાઇ સિંધવના ઘરની બાજુમા બંધ હાલતમાં પડેલ જુની કોલેજમાંના ગ્રાઉન્ડમાં બે ઇસમો લક્ષ્મણ ઉર્ફે લખો નારણભાઇ સિંધવ રહે- સિક્કા પંચવટી સોસાયટી સી.એચ.સી. ની બાજુમાં જી.જામનગર તથા સુરેન્દ્રસિંહ ઉર્ફે ઇલુ ભિખુભા કંચવા રહે. મુંગણી ગામ જી.જામનગર વાળા એક મારુતી સુઝુકી કંપનીની ફોરવ્હિલ એસ-પ્રેસો જેના રજી નં.ઋઉં ૩૬ અઉં ૩૭૯૭ માં રાખી ઇંગ્લીશ દારુ ની હેરા-ફેરી કરે છે. તેવી ખાનગી રાહે સંયુકત હકીકત મળેલ હોય જેથી સદર જગ્યાએ રેડ કરતા ભારતીય બનાવટની વિદેશી દારુ મેકડોલ નં.૧ ડીલેકસ વ્હિસ્કી ૭૫૦ એમ.એલ ની કુલ બોટલ નંગ-૮૪ કી.રુ.૪૭૧૨૪ તથા રોયલ સ્ટગ સુપેરીયર વ્હીસકી ૭૫૦ એમ.એલ ની બોટલ નંગ ૨૪ કુલ



કી.રુ.૧૫૭૪૪ તથા એક આઇફોન મોબાઇલ કી. રુ.૪૫૦૦૦ તથા આરોપી નંબર ૨ ની એકસીસ બેંક ની કોરી ચેક બુક કી.રુ.૦૦/૦૦ તથા મારૂતી સુઝુકી કંપનીની ફોરવ્હિલ એસ-પ્રેસો રજી નં.ઋઉં ૩૬ અઉં ૩૭૯૭ ની કી.રુ.૩૦૦૦૦૦માં હેરાફેરી કરતા રેડ દરમ્યાન એક-બીજાની મદદગારી કરી બંન્ને ઇસમો નાશી જઇ કુલ મુદામાલ કી.રુ ૪,૦૭,૮૬૮ નો રેઇડ દરમ્યાન નીચે જણાવેલ આરોપીઓ એ નાશી જઇ ગુન્હો કરેલ છે.ફરારી- આરોપીઓ લક્ષ્મણ ઉર્ફે લખો નારણભાઇ સિંધવ રહે- સિક્કા પંચવટી સોસાયટી સી.એચ.સી. ની બાજુમા જી. જામનગર.સુરેન્દ્રસિંહ ઉર્ફે ઇલુ ભિખુભા કંચવા રહે. મુંગણી ગામ જી.જામનગર કબ્જે કરેલ મદામાલ ભારતીય બનાવટની વિદેશી દારુ મેકડોલ નં.૧ ડીલેકસ વ્હિસ્કી ૭૫૦ એમ.એલ ની કુલ બોટલ નંગ-૮૪ કી.રુ.૪૭૧૨૪ રોયલ સ્ટગ સુપેરીયર વ્હીસકી ૭૫૦ એમ.એલ ની બોટલ નંગ ૨૪ કુલ કી.રુ.૧૫૭૪૪ એક આઇફોન મોબાઇલ કી. રુ.૪૫૦૦૦ તથા આરોપી નંબર ૨ ની એકસીસ બેંક ની કોરી ચેક બુક કી.રુ.૦૦/૦૦ મારૂતી સુઝુકી કંપનીની ફોરવ્હિલ એસ-પ્રેસો રજી નં.GJ ૩૬ AJ ૩૭૯૭ ની કી.રુ.૩૦૦૦૦૦/-કામગીરી કરનાર ટીમ.પો.ઇન્સ. વી.બી.ચૌધરી સાહેબ તથા પો.હેડ.કોન્સ. ચંદ્રકાંતભાઈ દામજીભાઈ ગાંભવા તથા પો.કોન્સ. જીતેન્દ્રભાઇ કાંતીભાઇ પરમાર તથા પો.કોન્સ. જયપાલભાઈ ડાહ્યાભાઈ મેર તથા મહેશભાઈ નાગજીભાઈ અઘારા તથા નટવરભાઈ લાલજીભાઈ કાગડીયા તથા બાબુભાઈ ગોપાલભાઈ ઝાલા તથા ભુપેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા વગેરે નાઓ દ્વારા કરવામાં આવેલ છે.

# ઘાટલોડીયામાં વ્યાજખોરના ત્રાસથી વેપારીનો આપઘાત




મુખ્ય સમાચાર અમદાવાદ

એક તરફ શહેર પોલીસ દ્વારા વ્યાજખોરોનો આતંક પૂરો કરવા ખાસ કવાયત ચલાવવામાં આવી રહી છે તેમ છતાં વ્યાજખોરોના ત્રાસથી લોકો આપઘાત કરી રહ્યા છે. ત્યારે ઘાટલોડીયામાં વ્યાજખોરના ત્રાસથી વેપારીનો આપઘાતની ઘટના સામે આવી છે. વેપારીએ ઝેરી દવા ગટગટાવીને શેર માર્કેટ, હીરા દલાલીનું કામ કરતા વેપારીએ આપઘાત કર્યો છે.

અમદાવાદના ઘાટલોડીયામાં વ્યાજખોરના ત્રાસથી વેપારીએ જીવન ટુંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. ઉછીના લીધેલા પૈસા પરત આપ્યા છતાં વ્યાજખોર પઠાણી ઉઘરાણી કરતો હતો. વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને શેર માર્કેટ અને હીરા દલાલીનું કામ કરતા વેપારીએ આપઘાત કર્યો છે.વ્યાજખોરોની ઉઘરાણીથી કંટાળેલા વેપારીએ ઝેરી દવા ગટગટાવીને આપઘાત કર્યો છે.

ઘાટલોડિયામા રહેતા અતુલ ભટ્ટે જીભાઈ દેસાઈ પાસેથી રૂ.૪ લાખ ઉછીના લીધા હતા. ૩ વર્ષ સુધી અતુલભાઈએ જીભાઈને પૂરે પૂરા પૈસા ચૂકવી દીધા હતા. વ્યાજ અને પેનલ્ટી બાકી હોવાનું કહીને વ્યાજખોર પૈસાની પઢાણી ઉઘરાણી કરતો હતો. ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.